અપીલ અરજી નં.૯૭ તા.૧૯–૭–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૧–૬–૦૮ નીઅરજીથી તા.૩–૪–૦૮ ના રોજ કરવામાુ આવેલ અરજી બાબતે તમામ વિભાગ તરફથી શું કાર્યવાહી કરવામાં આવી , શું ખરેખર લાયસન્સ રીન્યુ કરવામાં આવ્યા છે મોહલ્લા વાસીઓની વાંધા અરજી હોય તો પણ સુ.મ.પાલિકાના તમામ વિભાગ લાયસન્સ રીન્યુ કરી શકે શું ખરેખર ફાયર વિભાગ પાસે સત્તા હોય તે બાબતે બીએમસી ની કલમ જણાવવી નાગરીકોના વાંધા એસ.એમ.સી. ધ્યાનમા ન લેતી હોય તે બાબતે પણ બી.એમ.સી. ની કલમ જણાવવી વિ. માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૯–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૭/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૧–૬–૦૮ નીઅરજીથી તા.૩–૪–૦૮ ના રોજ કરવામાુ આવેલ અરજી બાબતે તમામ વિભાગ તરફથી શું કાર્યવાહી કરવામાં આવી, શું ખરેખર લાયસન્સ રીન્યુ કરવામાં આવ્યા છે મોહલ્લા વાસીઓની વાંધા અરજી હોય તો પણ સુ.મ.પાલિકાના તમામ વિભાગ લાયસન્સ રીન્યુ કરી શકે શું ખરેખર ફાયર વિભાગ પાસે સત્તા હોય તે બાબતે બીએમસી ની કલમ જણાવવી અને નાગરીકોનાવાંધા એસ.એમ.સી. ધ્યાનમા ન લેતી હોય તે બાબતે પણ બી.એમ.સી. ની કલમ જણાવવી વિ. માહિતી આપવા બાબતે આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલપ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તેમજ વધુ પી.આઈ.ઓને તબદીલ કરેલ અરજી તથા આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૪ તા.૨૫–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સ ે.ઝોન/આ.નં.૫૨૩ તા.૭–૮–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે તા.૩–૪–૦૮ ના રોજ કરેલ અરજી બાબતે તા.૧૧–૬–૦૮ ની આરટીઆઈ એકટ હેઠળ કરેલ મુળ અરજીમાં જણાવ્યાનુસારની માહિતી માંગવામાં આવેલ છે. અરજીમાં જણાવેલ વિગત બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલી માહિતીમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન સે.ઝોન/આ.નં.૪૨૬ તા.૧૭–૭–૦૮ થી અરજદારને માહિતી પૂરી પાડયાની નકલ અત્રે રજુ કરેલ છે. જેમાં ૪/૨૯૪ અને ૨૯૬ ના લાયસન્સ રીન્યુઅલ કરેલ નથી જેની સામે નોટીસ આપી મ્યુનીસીપલ કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે. જયારે ૪/૩૬૦,૩૦૭,૨૮૪ વાળી મિલ્કતમાં સ્થળ તપાસ કરી લાયસન્સ રીન્યુ કરેલ છે આપેલ માહિતીમાં અન્ય ખાતાના લાયસન્સ અંગે અરજી તબદીલ કરેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૧–૬–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની તા.૩–૪–૦૮ ની અરજી અંગે તમામ ખાતા ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવી તેની વિગતો તેમજ ફાયર વિભાગ પાસે સત્તાની કલમ તેમજ નાગરિકોના વાંધા બાબતેની કલમની માહિતી પૂરી પાડેલ ન હોઈ જે માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,